# મોદીપુરા નજીક દૈનિકના તંત્રી અને મહંતને આંતરી આઠ-દસ શખ્સોએ લૂંટ ચલાવી

મહેસાણા, તા. ૧૯

મહેસાણા તાલુકાના મોદીપુર નજીક એક દૈનિકના મેનેંજીંગ તંત્રી અને ચેહરધામના મહંતની ગાડીને ક્વોલીસમાં આવેલા આઠથી દસ જેટલા અજાણ્યા શખ્સોએ આંતરીને ગાડીના કાચ તોડી મહંતને બહાર ખેંચી કાઢી હથિયારો વડે ભારે હૂમલો કરી સોનાની ચેન તેમજ મોબાઈલની લૂંટ ચલાવી ક્યાંક નાસી છૂટ્યા હતા. આ ચોંકાવનારો બનાવ બનતા જિલ્લા ભરમાં ભારે સનસનાટી મચી ગઈ છે. હુમલામાં ગંભીર રીતે ઘયાયેલ મહંતને સારવાર અર્થે મહેસાણાની હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

મળતી માહિતી મુજબ મહેસાણાથી પ્રસિદ્ધ થતા દૈનિક પત્રના મેનેજીંગ તંત્રી અને મોદીપુર ચેહરધામ શક્તિપીઠના મહંત અરવિંદભાઈ સાધુ વહેલી સવારે મોદીપુરથી પોતાની હોન્ડાસીટી કારમાં મહેસાણા જઈ રહ્યા હતા ત્યારે મોદીપુર પાસે એક સફેદ રંગની ક્વોલીસ કારમાં આવેલા આઠથી દસ જેટલા હથિયારધારી અજાણ્યા શખ્સોએ મહંતની ગાડીને આંતરી હતી અને તેના કાચ તોડી નાખ્યા હતા. બાદ હથિયારી શખ્સોએ મહંતને ગાડીમાંથી બહાર ખેંચી હથિયારો વડે હૂમલો કર્યો હતો. જેથી તેમને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી ત્યારબાદ હૂમલાખોરો મહંત પાસેથી સોનાની ચેઈન અને મોબાઈલ ફોનની લૂંટ ચલાવી ક્યાંક ભાગી છૂટ્યા હતા. આ ઘટનાની જાણ થતા મોદીપુરના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને મહંતને તુરંત હોસ્પિટલમાં મોકલી આપ્યા હતા. આ બનાવથી સમગ્ર જિલ્લામાં ભારે સનસનાટી સાથે ચકચાર જાગી છે. આ સંદર્ભે લાયજણ પોલીસે લૂંટનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## બાયડમાં દબાણકારો સામે તંત્ર જાગ્યું...



બાયડ શહેરમાં નગરપાલિકા દ્વારા જૂના બસ સ્ટેશને આવેલ પાણીની ટાંકી નજીકના વિસ્તારમાં ગેરકાયદેસર દબાણો ઉપર તંત્રનું બુલડોઝર ફરી વળ્યું હતું. (તસવીર : સમીર બલોચ, બાયડ)



પાલનપુરના અગ્રણી ઉદ્યોગપતિ એરોમાવાળા શ્રી કે. એન. શાહ અને ભગવાન મહાવીર સેવા સમિતિ દ્વારા આજે રક્તદાન કેમ્પ યોજાયો હતો. જેમાં અંદાજે ૫૦૦ જેટલી બોટલો બ્લડ એકત્ર કરી જરૂરીયાતમંદ લોકોની સેવામાં બ્લડ વપરાશે અને રક્તદાન મહાદાન કરી કે. એન. શાહે રક્તદાતાઓનો આભાર માન્યો હતો. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# બુટાલ ગામના પાણી પુરવઠા તંત્ર સામે વસાહતીઓનો આક્રોશ

ધનસુરા, તા. ૧૯

ધનસુરા તાલુકાના બુટાલ ગામે નવી વસાહતમાં ૬ વર્ષ પહેલા હજારો રુપિયાના ખર્ચે પાણી પુરવઠા બોર્ડ પાણીની ટાંકી અને પાઈપલાઈન નાખી હતી. ૬ વર્ષના વાણા વાયા છતાં આજદિન સુધી તેનો કોઈ ઉપયોગ થયો નથી જુની પાઈપોમાંથી પાણીનું ટીપુ પણ આવતુ નથી ત્યારે હવે પાણી પુરવઠા બોર્ડે હજારોનો ખર્ચ કરીને નવી પાણીની પાઈપલાઈન નાખી હોવાની જાણવા મળ્યું છે. સ્થાનિકજનો પાણી પુરવઠા બોર્ડના આ ખર્ચથી અસમંજસની સ્થિતિ અનુભવી રહ્યા છે.

ધનસુરા તાલુકાના બુટાલ ગામની નવી વસાહતમાં પાણી પુરવઠા બોર્ડ દ્વારા ૬ વર્ષ પહેલા બનાવેલી પાણીની ટાંકી અને પાઈપલાઈનો છેલ્લા છ વર્ષથી શોભાના ગાંઢીયા સમાન બની રહી છે. તેમાં આજ દિન સુધી પાણીનું એકપણ ટીપુ આવ્યું નથી. ત્યાં તો ફરીવાર તંત્ર દ્વારા હજારો રૂપિયાના ખર્ચે નવીન પાઈપલાઈનો નાખવામાં આવી છે. તેમ છતાં ગ્રામજનોને નવી કે જૂની પાઈપ લાઈનમાંથી કોઈપણ પ્રકારનું પાણી મળતું નથી. આ પાણી મામલે સ્થઆનિક જનોએ વારંવાર સરપંચ સહિત તંત્રના અધિકારીઓને રજૂઆત કરી છે અને તમામ બાબતો તપાસમાં છે તેમ કહી જવાબદારી એક બીજાને આપી રહ્યા છે ત્યારે ગ્રામજનો માટે પાણીનો પ્રશ્ન વિકટ બન્યો છે. તો તંત્રે સત્વરે આ મામલે કોઈ કાર્યવાહી કરે તેમ નગરજનો ઈચ્છી રહ્યા છે.

# ઘોરવાડા ગામે યુવાન અને તેની માતા પર ત્રણ શખ્સોનો ગડદા પાટુથી હુમલો

હિંમતનગર, તા.૧૯

સાબરકાંઠા જિલ્લાના ઘોરવાડા ગામે કરિયાણાની દુકાન પર બેઠેલા ગામના એક યુવાન પર તેના જ ગામના ત્રણ ઈસમોએ હુમલો કર્યો હતો જયારે યુવાનની માતા વચ્ચે પડતા ઈસમોએ તેની માતાને પણ ગડદા પાટુનો માર માર્યો હોવાની ફરિયાદ હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકે નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર હિંમતનગર તાલુકાના ઘોરવાડા ગામમાં રહેતો ફરીદ હુસેન કરીમભાઈ મનસુરી આજે સવારે ગામની જ એક કરિયાણાની દુકાન પર બેઠો હતો. બસ આજ અરસામાં એજ ઘોરવાડા ગામના ત્રમ ઈસમો ઈમરાનભાઈ જાનુભાઈ મનસુરી, વસીમભાઈ હકીમભાઈ મનસુરી અને સમીરભાઈ જાનુભાઈ મનસુરી ત્રણેય આ કરિયાણાની દુકાન આગળ આવી નજીવી બાબતે બોલાચાલી કરી અપશબ્દો બોલી કરી આથી સમગ્ર મામલો બિચકયો હતો અને હાથાપાઈના દશ્યો સર્જાયા હતા. હાથાપાઈ કરી ત્રણેય ઈસમોએ ફરીદ હુસેન મનસુરી નામના યુવકને ગડદા પાટુનો માર માર્યો હતો. આ ઘટના જોઈને ઘાયલ યુવકની માતા વચ્ચે પડતા તેમને પણ ગડદા પાટુનો માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. આથી ફરીદ હુસેને હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે ત્રણેય ઈસમો વિરુધ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## પાલનપુરમાં જિલ્લા ભાજપની બેઠકમાં મળી : પ્રજાને સ્વચ્છ વિકાસશીલ વહીવટ અપાશે

પાલનપુર, તા. ૧૮

આજે પાલનપુર સરકીટ હાઉસ ખાતે જિલ્લા ભાજપની એક અગત્યની બેઠક મળી હતી. જેમાં પ્રદેશમાંથી અરજણભાઈ સાથે બનાસકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખ ડૉ. કે. એલ. મોગરા, નૌકાબેન પ્રજાપતિ સહીત શહેર ભાજપ પ્રમુખ મહેશ ઠક્કર સહિત પાર્ટી અગ્રણીઓએ આગામી સમયમાં વિધાનસભાની ચૂંટણીઓ નજીક છે ત્યારે સૌએ સાથે મળી પ્રજાને સારા સ્વચ્છ વહીવટ આપવા માટે નગરપાલિકામાં ચૂંટાયેલા પ્રતિનિધિઓને શીખ આપી હતી. તથા ખાસ તો પાલનપુર નગરપાલિકામાં ભાજપને પ્રજાએ અમૂલ્ય વોટ આપીને સત્તા સોંપી છે ત્યારે અંદરો - અંદર વિખવાદો ના ઉભા થાય તે માટે ભાર મુકાયો હતો.

## ખેડબ્રહ્માથી લક્ષ્મીપુરા માર્ગ પર બેફામ રીતે દોડતા શટલીયા વાહનોને બંધ કરવા માંગ

લક્ષ્મીપુરા, તા.૧૯

સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકાથી લક્ષ્મીપુરા ગામના નાકા તરફ જવાના માર્ગ પર છેલ્લા ઘણા સમયથી શટલીયા અને પ્રાઈવેટ વાહન ચાલકો ઘેટાં-બકરાની જેમ મુસાફરોને ભરી બેફામ ટ્રાફિક નિયમોનો ભંગ કરી વાહન હંકારી રહ્યા છે. આથી આસપાસના રહીશોએ મોં માગ્યા દામ આપી જોખમી મુસાફરી કરવી પડે છે. ત્યારે ટ્રાફિક પોલિસ આ મામલે કડક પગલાં ભરે તેવી માંગ ઉઠવા પામી છે.

મળતી માહિતી અનુસાર ખેડબ્રહ્મા તાલુકાથી લક્ષ્મીપુરા તરફ જવાના માર્ગ પર રોજ શટલ મારતા શટલીયા ચાલકો સાધનની ક્ષમતા કરતા બે ગણા વધારે મુસાફરો બેસાડે છે તો મુસાફરોએ પણ મુસાફરી કરતી વખતે પોતાનો જીવ હાથમાં લઈ મુસાફરી કરવી પડે છે. આ તમામ બાબતો અંગે ટ્રાફિક પોલીસને જાણ હોવા છતાં પોલીસ આવા શટલીયા ચાલકોને છાવરી રહી હોવાની પણ ચર્ચા થઈ રહી છે. મુસાફરોને પણ અનિયમિત બસને કારણે ના છૂટકે આવા ખાનગી વાહનોમાં મોં માંગ્યા દામ ચૂકવી મુસાફરી કરવી પડે છે ત્યારે ટ્રાફિક તંત્ર આવી જીવલેણ મુસાફરી બંધ કરાવે અને ખાનગી શટલીયા ચાલકો વિરુધ્ધ દંડનીય કાર્યવાહી કરે તેમ સ્થાનિકજનો ઈચ્છી રહ્યા છે.

## રાજીવ ગાંધીની પુણ્યતિથિ નિમિત્તે રક્તદાન શિબિર યોજાશે

પાલનપુર, તા. ૧૯

પાલનપુરના અખંડ મહિલા શિશુ ઉત્કર્ષ ટ્રસ્ટના ઉપક્રમે આગામી ૨૧મી મેના રોજ સવારે ૮.૩૦ કલાકે શુભ જયંતિ હોસ્પિટલ લાયન્સ કલબ ઓફ પાલનપુર જગાણા રોડ ખાતે સ્વ. રાજીવ ગાંધીજીની પુણ્યતિથિ નિમિત્તે 'રક્તદાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું છે. તો સમાજના તમામ ધર્મજાતિના રક્તદાતાઓને રક્તદાન કરવા ટ્રસ્ટના પ્રમુખ લક્ષ્મીબેન કરેણ ભાવભીનું આમંત્રણ પાઠવ્યું છે.

## બનાસકાંઠા જિલ્લાના ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને માર્કશીટ સાથે જાતિનું પ્રમાણપત્ર પણ મળી જશે

પાલનપુર, તા.૧૯

બનાસકાંઠા જિલ્લાના ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને કલેકટરશ્રી જે.બી. વોરાની સુચનાથી પરીક્ષાની માર્કશીટ સાથે જાતિ અંગેનું પ્રમાણપત્ર પણ હવે મળી જશે. પાલનપુર ખાતે યોજાયેલ અધિકારીઓની બેઠકમાં આ બાબતે કલેકટરશ્રીએ જણાવ્યું કે ધો-૧૦ અને ધો-૧૨ની બોર્ડની પરીક્ષાના પરિણામ બાદ એસસી, એસટી અને બક્ષીપંચ સહિત અનામત કક્ષામાં આવતા વિદ્યાર્થીઓની જાતિ અંગેનું પ્રમાણપત્ર મેળવવા લાઈનો જોવા મળે છે. વિદ્યાર્થીઓ અને વાલીઓને કોઈ મુશ્કેલી ન પડે, સમય ન બગડે તે માટે પરીક્ષાની માર્કશીટ સાથે જ જાતિ અંગેનું પ્રમાણપત્ર આપી દેવા કલેકટરશ્રીએ સમાજકલ્યાણ અધિકારીને ખાસ સુચના આપી છે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને પણ આવા વિદ્યાર્થીઓના નામ તથા જરુરી વિગતોની યાદી સત્વરે સમાજ કલ્યાણ અધિકારીશ્રીને આપી દેવા જણાવાયું છે. પરીક્ષાનું પરીણામ નજીક હોવાથી આ બાબતે સક્રિય બનવા સંબંધીત અધિકારીઓને કલેકટરશ્રીએ તાકીદ કરી છે.

# આજે ગામડાઓ વચ્ચે વિકાસની તંદુરસ્ત હરીફાઈ ચાલી રહી છે : રમણલાલ વોરા

હિંમતનગર, તા.૧૯

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના રાવોલ ગામે શિક્ષણમંત્રીશ્રી



રમણલાલ વોરાના અધ્યક્ષસ્થાને ત્રિવિધ કાર્યક્રમ યોજાયો હતો.

મંત્રીશ્રીએ રાવોલ ગામમાં ઉત્તમ લોકભાગીદારીથી નિર્માણ થયેલ સરકારી દવાખાનાનું મકાન, પ્રાથમિક શાળામાં નવનિર્મિત વર્ગખંડ લોકાર્પણ અને ગ્રામપંચાયતના વરાયેલ પદાધિકારીઓનું સન્માન કરતા જણાવ્યું હતું સૌનો સાથ અને સૌનો વિકાસની સંપૂર્ણ પરિભાષા સમજવાની પહેલ રાવોલ ગ્રામપંચાયતે કરી છે. અહીં ઉત્તમ લોકભાગીદારીથી ગામમાં વિકાસના અનેકવિધ કામો હાથ ધરાયા છે.

ગામમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની વસતી ધરાવતા બક્ષીપંચ સમુદાયની ઉપરાંત અન્ય વર્ગને ઉત્તમ કક્ષાની આરોગ્ય સેવા મળી રહે તેવા નવિન આરોગ્ય કેન્દ્રની શરૂઆત કરવામાં આવી છે. ઉપરાંત ગામના ઉત્સાહી સરપંચ દ્વારા આવનારી પેઢીને ઉચ્ચ શિક્ષણ મેળવવા આસપાસના ગામમાં જવું ન પડે તે માટે ધોરણ-૮નો નવિન વર્ગખંડ ઉભો કરવામાં લોકભાગીદારીની પહેલ કરવામાં આવી છે.

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આજે ગ્રામ પંચાયતોની ચૂંટણીઓમાં વેરઝેરના બીજ વવાતા હોય છે પરંતુ રાવોલ ગ્રામ પંચાયતના સરપંચ અને સદસ્યશ્રીઓ ટીમ ખભેખભા મિલાવી કામ કરી ઉત્તમ કામગીરી કરી રહી છે તે ખરેખર સન્માનને લાયક જ છે.

આ પ્રસંગે સાબરકાંઠા સાંસદશ્રી મહેન્દ્રસિંહ ચૌહાણે પ્રસંગોચિત ઉદબોધન કરતા જણાવ્યું હતું કે આજના ગામડાઓ સ્વાવલંબી બની રહ્યા છે. આજે ગામડાઓ વચ્ચે વિકાસની તંદુરસ્ત હરીફાઈ ચાલી રહી છે. જેનો સીધો લાભ ગ્રામજનોને મળી રહ્યો છે. વળી, ગામડાઓની મહિલાઓ પણ હવે સ્વનિર્ભર બની રહી છે જેની પાછળનું મુખ્ય કારણ મહિલા સખી



મંડળો, જે આર્થિક રીતે પગભરબની ને ગામના વિકાસમાં આડકતરો લાભ આપી રહી છે એમ સાંસદશ્રીએ વધુમાં જણાવ્યું હતું.

આ પ્રસંગે રાવોલ ગામના સરપંચશ્રી નર્મદભાઈ ત્રિવેદીએ મહાનુભાવોનું શબ્દોથી સ્વાગત કર્યું હતું. જયારે આભારવિધિ શૈક્ષણિક સમિતિના સદસ્યશ્રી શૈલેષભાઈ ઉપાધ્યાયે કરી હતી. આ લોકાર્પણ પ્રસંગે લોકભાગીદારીમાં સહયોગ કરનાર દાતાશ્રીઓનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

આ ત્રિવિધ કાર્યક્રમમાં ઈડર તાલુકા પંચાયતના પ્રમુખશ્રી પંકજભાઈ દેસાઈ, ઈડર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન શ્રી રાજુભાઈ, શામળાજી દેવસ્થાન ટ્રસ્ટના પ્રમુખશ્રી મહેશભાઈ ઉપાધ્યાય, જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. જયંત કનોરીયા સહિત આરોગ્ય વિભાગના અધિકારી તેમજ કર્મચારીગણ/પદાધિકારીશ્રીઓ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

# હિંમતનગરમાં વિદ્યાર્થીઓ માટે કારકિર્દી સેમિનાર યોજાયો

હિંમતનગર, તા.૧૯

આજનો જમાનો નોલેજ નેટવર્કનો છે ત્યારે વિદ્યાર્થીઓએ માહિતીને જ્ઞાનમાં પરિવર્તિત કરવું જોઈએ. સ્વપ્ન જોવાવાળાને જ સફળ થવાનો અધિકાર છે એમ કોંગ્રેસના પ્રદેશ પ્રવકતાએ હિંમતનગરમાં બુધવારે આયોજીત કારકિર્દી માર્ગદર્શન સેમિનાર પ્રસંગે જણાવ્યું હતું.

જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા હિંમતનગરની વિદ્યાનગરીમાં ધો-૧૨ પછી શું તે વિષય પર કારકિર્દી સેમિનાર બુધવારે યોજાયો હતો. જેમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને ધો-૧૨ પછીની કારકિર્દી અંગેની માહિતી સભર પુસ્તિકા નિઃશુલ્ક આપવામાં આવી હતી. આ પુસ્તકના સંપાદક અને કોંગ્રેસના પ્રદેશ પ્રવકતા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે દેશમાં આજે ડોકટરો, એન્જિનિયરો અને ટેકનિશિયનોની ખૂબ જરૂર છે ત્યારે વિદ્યાર્થીઓએ રૂચિ અને ક્ષમતા પ્રમાણે કારકિર્દી પસંદ કરીને મહેનત કરવી જોઈએ. સફળતાનો કોઈ શોટકર્ટ નથી તેમ કહી તેમણે વડાપ્રધાન ડૉ. મનમોહનસિંઘ અને પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામના ઉદાહરણ ટાંકયા હતા.

ડૉ. દોશીએ વધુમાં જણાવ્યું હતું કે સ્વપ્ન જોવાવાળાને જ સફળ થવાનો અધિકાર છે ત્યારે જીપીએસસી અને યુપીએસસીની પરીક્ષા આપી શ્રેષ્ઠ કારકિર્દી બનાવી શકાય છે. આ સેમિનારનું આયોજન ઉ.ગુ. યુનિ.ના સેનેટ સભ્ય કૃપલ રાવલ અને નિતિનભાઈ સાધુએ કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા કોંગ્રેસના મહામંત્રી અશોકભાઈ પટેલ, ગોપાલસિંહ રાઠોડ અને વિદ્યાનગરીના પ્રમુખ ડી.એલ. પટેલે પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરું પાડયું હતું.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેકટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન